# Navjivan Science College, Dahod

Managed by: Dahod Anaj Mahajan Sarvajanik Education Society

Affiliated with Shree Govind Guru University

## Student Startup & Innovation Policy (SSIP)Cell

## SSIP Cell દ્વારા 2025 થી 2026 દરમ્યાન કરવામાં આવેલી કામગીરી

# Index


| No. | Activity | Date | Page |
| --- | --- | --- | --- |
| 1 | વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ | 22/08/2025 | 3 |
| 2 | **Idea Competition** | 25/08/2025 | 4 |
| 3 | 7 દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપ | 28/08/2025 to 04/09/2025 | 5 |
| 4 | વર્કશોપ | 15/092025 to 01/10/2025 | 6 |
| 5 | **Women Entrepreneurship Awareness** | 09/10/2025 | 7 |
| 6 | ઇનોવેશન ઇન્સ્પિરેશન ડે | 15/10/2025 | 8 |
| **7** | **IIC Regional Meet 2025** | 25/11/2025 | 9 |
| **8** | રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ | 02/12/2025 | 10 |
| 9 | પ્રોજેક્ટ લર્નિંગ પ્રોગ્રામ | 12/12/2025 to 14/01/2026 | 11 |
| 10 | રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ | 15/12/2025 | 11 |
| **11** | ઉધમિતા હેઠળ ૪૦,૦૦૦ સહાય | 22/12/2025 | 12 |
| 12 | રાષ્ટ્રીય યુવા દિવસ | 12/01/2026 | 12 |
| 13 | **National Start-up Day** | 18/01/2026 | 14 |
| **14** | ઉધ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ | 19/01/2026 to 23/01/2026 | 15 |
| 15 | **Two-Day Educational Tour** | 06/03/2026 to 23/03/2026 | 16 |



Ministry of Education Government of India | MoE's INNOVATION CELL (GOVERNMENT OF INDIA) | INSTITUTION'S INNOVATION COUNCIL

CERTIFICATE OF ESTABLISHMENT

This is to certify that

Navjivan Science College, Dohad

has established an Institution's Innovation Council (IC202542036) in the campus as per the norms of Innovation Cell, Ministry of Education, Govt. of India during the academic calendar year 2023-24

Dr. Abhay Jere
Chief Innovation Officer
Ministry of Education's Innovation Cell

Shri. Dipan Kumar Sahu
Assistant Innovation Director
Ministry of Education's Innovation Cell

Certificate No: 31376 | Aishe Code: C-5923 | Date: 05-01-2025

**NAVJIVAN SCIENCE COLLEGE, DAHOD**

**INNOVATION CLUB**

**[૧] પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ)**

**તારીખ: ૨૨/૦૮/૨૦૨૫**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૧૮૬**

**ફોટોગ્રાફ્સ:**



ગોધરા-દાહોદ ભાસ્કર 30-08-2025

**નવજીવન સાયન્સ કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિક દિનની ઉજવણી**

દાહોદ| નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ નિમીત્તે સેમિનારનું આયોજન ઈનોવેશન કલબ અને વિદ્યાર્થી સંઘના વિદ્યાર્થીઓ દ્વારા કરાતા 186 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવોચારમાં (Innovation), સર્જનાત્મકતા અને સમસ્યાનો ઉકેલ લાવવાની ભાવના વિકસાવવાનો હતો.




**સંક્ષિપ્ત નોંધ:**

**"વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ"**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે "વિશ્વ ઉધ્યોગ સાહસિક દિવસ" નિમીત્તે ૨૨/૦૮/૨૦૨૫ ના રોજ સેમિનાર નું આયોજન ઈનોવેશન કલબ અને વિધ્યાર્થી સંઘના વિધ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮૬ જેટલા વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવોચારમાં (Innovation), સર્જનાત્મકતા અને સમસ્યાનો ઉકેલ લાવવાની ભાવના વિકસાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત *"સમથિંગ વેન્ચર્ડ"* ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગથી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓએ વિશ્વના સફળ ઉદ્યોગકારોની પ્રેરણાદાયી મુસાફરી વિશે જાણ્યું. ત્યારબાદ પ્રેરણાદાયી સ્ટોરીટેલિંગ સેશન યોજાયું, જેમાં સ્ટીવ જોબ્સ, ધીરુભાઈ અંબાણી, ફાલ્ગુની નાયર અને એલોન મસ્ક જેવા

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

ઉદ્યોગકારોની સફળતા કથાઓ ઈનોવેશન કલબના કૉર્ડીનેટર દીક્ષિત રાઠવા દ્વારા રજૂ કરવામાં આવી.

[૨] **પ્રવૃત્તિનો પ્રકાર: સારથિ એક્ટિવિટી (Idea Competition)**

**તારીખ: ૨૫/૦૮/૨૦૨૫**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૨૫**

**ફોટોગ્રાફ્સ:**




દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 28-08-2025

**દાહોદની કોલેજમાં ઉદ્યોગ સાહસિક દિવસે ગેમ્સનું આયોજન**

દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં વિવિધ ગેમ્સ યોજી હતી. વિદ્યાર્થીઓએ શાર્ક ટેન્ક પિચ, લોગો ડિઝાઈન ચેલેન્જ અને એલિવેટર પિચ જેવી એક્ટિવિટીમાં 25 વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈનોવેશન કોર્ડિનેટર દીક્ષિત રાઠવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**સંક્ષિપ્ત નોંધ:**

**નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે "Idea Competition" નું આયોજન**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તારીખ ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ વિવિધ ગેમ્સ યોજવામાં આવી હતી. જેમાં વિધ્યાર્થીઓએ **શાર્ક ટેન્ક પિચ, લોગો ડિઝાઇન ચેલેન્જ અને એલિવેટર પિચ** જેવી એક્ટિવિટીમાં ૨૫ જેટલા વિધ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન **ઈનોવેશન કોર્ડિનેટર** દીક્ષિત રાઠવા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ઉપરાંત **સ્ટુડન્ટ યુનિયનના સભ્યોએ** સક્રિય ભૂમિકા ભજવી હતી – તેમણે ગેમ્સનું સંચાલન કર્યું, સ્ટેજ હોસ્ટિંગ કર્યું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વિજેતા વિધ્યાર્થીઓને કોલેજ તરફથી પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ગેમ્સ દ્વારા વિદ્યાર્થીઓને નવું વિચારવા, ઝડપી નિર્ણયો લેવા અને રચનાત્મક કામ કરવાની પ્રેરણા મળી.

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

[3]  **પ્રવૃત્તિનો પ્રકાર: સારથિ એક્ટિવિટી (7 દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપ)**

**તારીખ: ૨૮/૦૮/૨૦૨૫ થી ૦૪/૦૯/૨૦૨૫**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૪૨**

**ફોટોગ્રાફ્સ:**






નવજીવન સાયન્સ કોલેજમાં ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન

ગુજરાતની અસ્મિતા, વિનોદ પંચાલ દાહોદ , તા.7

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના ઈનોવેશન ક્લબ દ્વારા ૨૮/૦૮/૨૦૨૫ થી ૦૪/૦૯/૨૦૨૫ દરમિયાન ૭-દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપમાં વિવિધ નિષ્ણાતોએ કૃષિ ટેક્નોલોજી, ફોરેન્સિક સાયન્સ, સાયબર સિક્યુરિટી, ગ્રીન ટેક, હેલ્થટેક તથા ડિજિટલ એજ્યુકેશન જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું. સાથે સાથે ડૉ. ફરીદ સૈયદ દ્વારા વિધ્યાર્થીઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત કરાવી હતી. પ્રાયોગિક તાલીમમાં સાબુ, મીણબત્તી અને એન્ટિસેપ્ટિક લિક્વિડ બનાવતા શીખવવામાં આવ્યું હતું. પ્રાયોગિક, સાયન્સ કોમ્યુનિકેશન અને ઈનોવેશન તકો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મિ. એચ.બી. પારેખ (Deputy Horticulture Director), મિ. પૂજન કે. જોશી (Director | CEO, JSI), ડૉ. ફરીદ સૈયદ (Head | Associate Research Scientist, Krushi Vigyan Kendra, Dahod), ડૉ. નયનકુમાર એસ. પટેલ (In-charge Principal, B. N. Patel Institute of Paramedical | Science College), ડૉ. કૃણાલ ધોળિયા (Founder | CEO, Kalva Nanotech), મિ. દીક્ષિત રાઠવા (Navjivan Science College, Assistant Professor) અને ડૉ. ઈશાક શેખ (Dept. of Electrical Engineering, Assistant Professor) જેવા નિષ્ણાતોએ વ્યાખ્યાનો આપ્યા. જેમાં ૪૨ વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઈનોવેશન કોર્ડીનેટર મિ. દીક્ષિત રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. પ્રિન્સીપાલ ડૉ. ગૌરાંગ જે. ખરાદી એ વર્કશોપને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો અને સંયોજકોનો આભાર માન્યો.

**સંક્ષિપ્ત નોંધ:**

## 7 દિવસીય સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એડ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઈનોવેશન ક્લબ દ્વારા તા. ૨૮ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૭ દિવસીય "સ્ટાર્ટઅપ સ્કિલ્સ વર્કશોપ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપ દરમિયાન વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોએ કૃષિ ટેક્નોલોજી, ફોરેન્સિક સાયન્સ, સાયબર સિક્યુરિટી, ગ્રીન ટેક્નોલોજી, હેલ્થટેક અને ડિજિટલ એજ્યુકેશન જેવા વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડૉ. ફરિદ સૈયદ દ્વારા ભાગ લેનારા વિદ્યાર્થીઓ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (Krushi Vigyan Kendra), દાહોદની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

પ્રાયોગિક તાલીમ સત્રોમાં વિદ્યાર્થીઓએ સાબુ, મોમબત્તી અને એન્ટિસેપ્ટિક પ્રવાહી બનાવવાની તાલીમ મેળવી, જેના દ્વારા તેઓએ પ્રયોગાત્મક વિજ્ઞાન અને ઉદ્યમિતાના ક્ષેત્રમાં

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

હેન્ડ્સ-ઓન અનુભવ મેળવ્યો. સાથે જ તેમને સાયન્સ કોમ્યુનિકેશન, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ વિકાસની તકો વિશે માહિતગાર કરવામાં આવ્યા.

વર્કશોપમાં માર્ગદર્શન આપનાર નિષ્ણાતોમાં શ્રી એચ.બી. પારેખ (ઉપ નિયામક, હોર્ટિકલ્ચર), શ્રી પુજન કે. જોશી (ડિરેક્ટર & CEO, JSI), ડૉ. ફરિદ સૈયદ (હેડ & એસોસિએટ રિસર્ચ સાયન્ટિસ્ટ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ), ડૉ. નયનકુમાર એસ. પટેલ (ઇન્ચાર્જ પ્રિન્સિપાલ, બી.એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેરામેડિકલ & સાયન્સ કોલેજ), ડૉ. કૃણાલ ધોળિયા (ફાઉન્ડર & CEO, કલ્વા નેનોટેક), શ્રી દિક્ષિત રાઠવા (સહાયક પ્રોફેસર, નવજીવન સાયન્સ કોલેજ) અને ડૉ. ઇશાક શેખ (સહાયક પ્રોફેસર, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ)નો સમાવેશ થાય છે.

આ વર્કશોપમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈનોવેશન કોઓર્ડિનેટર શ્રી દિક્ષિત રાઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ જે. ખરાડી દ્વારા તમામ મહેમાનો અને સંયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવવામાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી.

**[૪] પ્રવૃત્તિનો પ્રકાર: વર્કશોપ**

**તારીખ: ૧૫/૦૯/૨૦૨૫ થી ૦૧/૧૦/૨૦૨૫**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૦૧**

**ફોટોગ્રાફ્સ:**


Knowledge Consortium of Gujarat
Education Department,
Government of Gujarat

Education Department
Government of Gujarat

INNOVATION CLUB

Certificate of Participation

*This certificate is awarded to Mr./Ms./Mrs. BHATIYA DEV PRITESHKUMAR of Navjivan Science College, Dahod has successfully completed the 15-Days (30 hrs) Online Workshop on "Applications of Agentic AI for Non-Tech Entrepreneurs" organized under the Innovation Club, Knowledge Consortium of Gujarat (KCG), Ahmedabad from 15/09/2025 to 01/10/2025. We commend his/her dedication, active participation, and enthusiasm in exploring Agentic AI applications for entrepreneurial innovation. By completing this workshop, the participant has demonstrated initiative in adopting emerging technologies to foster creativity and future-ready skills.*

Dr. Ijan Vaidya
OSD (Innovation Club), KCG

Shri Dilip Rana (IAS)
Commissioner (Higher Education) &
CEO, KCG

Certificate No. – KCG/Innovation Club/Agentic AI Online Workshop/2025-26/95

**સંક્ષિપ્ત નોંધ:**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાંથી પસંદ થયેલા શ્રી ભાટિયા દેવ પ્રિતેશકુમારે "**Applications of Agentic AI for Non-Technical Entrepreneurs**" વિષય પર આયોજિત ૧૫ દિવસીય (૩૦ કલાક) ઓનલાઈન વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. આ વર્કશોપ ઈનોવેશન ક્લબ, નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (**KCG**), અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવ્યો હતો.

તેમણે કાર્યક્રમમાં સક્રિય રીતે ભાગ લઈ ઉદ્યોગસાહસિકતામાં **Agentic AI** ટેક્નોલોજીના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ જ્ઞાન મેળવ્યું હતું. તેમની પ્રતિબદ્ધતા, ઉત્સાહ અને નવીનતા તથા કૌશલ્ય વિકાસ પ્રત્યેનો પ્રગતિશીલ અભિગમ નોંધપાત્ર રહ્યો

**[૫] પ્રવૃત્તિનો પ્રકાર: સારથિ એક્ટિવિટી (Women Entrepreneurship Awareness)**

**તારીખ: ૦૯/૧૦/૨૦૨૫**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૮૦**

**ફોટોગ્રાફ્સ:**





**સંક્ષિપ્ત નોંધ:**

**Women Entrepreneurship Awareness**

દાહોદ ખાતે નવજીવન સાયન્સ કોલેજમાં Entrepreneurship Development Institute of India (EDII) દ્વારા "Women Entrepreneurship Awareness" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ EDII અમદાવાદ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સહયોગથી યોજાયો હતો. એક દિવસીય આ કાર્યક્રમમાં ૮૫થી  વધુ મહિલાઓએ

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાગ લેનારાઓને ઉદ્યોગસાહસિકતા, સરકારી યોજનાઓ, સોફ્ટ સ્કિલ્સ અને વ્યવસાયિક તકો અંગે મૂલ્યવાન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતા પ્રત્યે જાગૃતિ અને પ્રેરણા સર્જાઈ હતી.

આ કાર્યક્રમનું અમલીકરણ EDII અમદાવાદ દ્વારા શ્રી સંદીપ જે. સાંગલે (IAS), ઉદ્યોગ કમિશનર અને શ્રી આર. ડી. બરહટ, સંયુક્ત ઉદ્યોગ કમિશનરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મહિલા સશક્તિકરણ માટેની આ પહેલ EDIIના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા અને ડિરેક્ટર (પ્રોજેક્ટ્સ – ગવર્મેન્ટ) ડૉ. અમિત કુમાર દ્વિવેદીના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC), દાહોદના અધિકારીઓ શ્રી વિનોદભાઈ દામોર અને શ્રી એમ.બી. ભાભોર હાજર રહ્યા હતા અને વિવિધ સરકારી યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન EDIIના પ્રોજેક્ટ ઓફિસર શ્રી સચિન પટેલ અને ડૉ. રવજીત સિંહ અટવાલ દ્વારા નિષ્ણાત સત્રો યોજાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવજીવન સાયન્સ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ ખરાડીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને તેનું આયોજન શ્રી દિક્ષિત રાઠવા તથા શ્રીમતી નિખાત એ. વોહરા દ્વારા સફળતાપૂર્વક સંભાળવામાં આવ્યું હતું.

**[ડ] પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (ઇનોવેશન ઇન્સ્પિરેશન ડે)**
**તારીખ: ૧૫/૧૦/૨૦૨૫**
**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૨૩**
**ફોટોગ્રાફ્સ:**






**સંક્ષિપ્ત નોંધ:**

**ઇનોવેશન ઇન્સ્પિરેશન ડે**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે **"ઇનોવેશન ઇન્સ્પિરેશન ડે"** નિમીત્તે **૧૫/૧૦/૨૦૨૫** ના રોજ સેમિનાર નું આયોજન ઈનોવેશન કલબ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧ જેટલા વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીન વિચારશક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવાનો હતો તેમજ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબના જીવનમૂલ્યોમાંથી પ્રેરણા મેળવવાનો હતો. ત્યારબાદ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના જીવન અને કાર્ય પર આધારિત પ્રેરણાત્મક **ડોક્યુમેન્ટરી ફિલ્મ** રજૂ કરવામાં આવી.

આ ડોક્યુમેન્ટરીમાં ડૉ. કલામના બાળપણથી લઈને વૈજ્ઞાનિક જીવન, રાષ્ટ્રપતિ તરીકેની સેવા અને વિદ્યાર્થીઓ પ્રત્યેના સમર્પણને સુંદર રીતે દર્શાવવામાં આવ્યા હતા. ફિલ્મ દ્વારા વિદ્યાર્થીઓએ કલામ સાહેબના વિચારો, તેમના સંદેશા અને *"Dream, Dream, Dream..."* જેવા પ્રેરણાત્મક શબ્દોથી પ્રેરણા મેળવી. ઈનોવેશન કલબના કોર્ડીનેટર મિ. દીક્ષિત રાઠવા અને કો કોર્ડીનેટર મિ. અંકિત ચૌહાણ દ્વારા રજૂ કરવામાં આવી.

[૭] **પ્રવૃત્તિનો પ્રકાર: IIC Regional Meet 2025**

**તારીખ: ૨૫/૧૧/૨૦૨૫**

**ફોટોગ્રાફ્સ:**









**સંક્ષિપ્ત નોંધ:**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માંથી તારીખ ૨૫/૧૧/૨૦૨૫ **IIC રીજનલ મીટ 2025** માં સક્રિય રીતે ભાગ લીધો હતો. જેમાં પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ જે. ખરાદી , ઇનોવેશન કોઓર્ડિનેટર દીક્ષિત ડી. રાઠવા અને **IQAC** કોઓર્ડિનેટર ડૉ. નીલેશ એમ. વાઘેલા દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંસ્થાની ઇનોવેશન પ્રવૃત્તિઓ, શ્રેષ્ઠ પદ્ધતિઓ અને સિદ્ધિઓને રજૂ કરતું પોસ્ટર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ ભાગીદારી દ્વારા જ્ઞાન વિનિમય, અન્ય સંસ્થાઓ સાથે નેટવર્કિંગ તથા ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે નવી સમજ પ્રાપ્ત કરવાની ઉત્તમ તક મળી. આ કાર્યક્રમ સંસ્થાની નવીનતા અને ગુણવત્તા વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

[૮] **પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ)**
**તારીખ: ૦૨/૧૨/૨૦૨૫**
**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૪૬**
**ફોટોગ્રાફ્સ:**







NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

**સંક્ષિપ્ત નોંધ:**


## રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ નિમિત્તે પર્યાવરણ જાગૃતિ માટે વ્યાખ્યાન, ઇનોવેશન ચર્ચા અને કેમ્પસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રદૂષણ અંગે જાગૃતિ ફેલાવવી અને કેમ્પસમાં અમલમાં રહેલી ગ્રીન-ટેકનોલોજી વ્યવસ્થાઓને નજીકથી સમજાવવાનો હતો. જેમાં ૪૬ જેટલા વિધ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

શરૂઆતમાં કોર્ડીનેટર દ્વારા દિવસનું મહત્ત્વ સમજાવ્યું અને પ્રદૂષણના વિવિધ પ્રકારો અંગે વિદ્યાર્થીઓને સંક્ષિપ્ત માહિતગાર કરાયા. જેમાં પ્રદૂષણના પ્રકારો: હવા, પાણી, જમીન, અવાજ તથા પ્લાસ્ટિક પ્રદૂષણ, કારણો અને અસરો, સરકારની પહેલો, વિદ્યાર્થીઓની ભૂમિકા: કચરાનું વિભાજન, કેમિકલ waste નું સુરક્ષિત હેન્ડલિંગ, ગ્રીન ઇનોવેશન મોડલ બનાવવું, પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ અભિયાનમાં જોડાવું. વ્યાખ્યાન દરમ્યાન વિદ્યાર્થીઓને ઉદાહરણો, visuals અને ટૂંકા વિડિઓ દ્વારા વિષયને સરળતાથી સમજાવવામાં આવ્યો.

વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસમાં સ્થાપિત "Environmental Infrastructure" વિશે પ્રેક્ટિકલ સમજ આપવા ત્રણ સ્થળોની મુલાકાત અપાઈ. **A. Chemical Waste Management Area**: કેમિકલ વેસ્ટના પ્રકારો, સેગ્રેગેશન પ્રક્રિયા અને સુરક્ષા નિયમો બતાવવામાં આવ્યા. લેબ માંથી ઉત્પન્ન થતી એસિડ/આલ્કલી વેસ્ટની ન્યુટ્રલાઈઝેશન પ્રક્રિયા સમજાવવામાં આવી. PPE (હાથમોજા, માસ્ક, ગોગલ્સ) નો ઉપયોગ કેમ જરૂરી છે તેની માહિતી આપવામાં આવી. **B. Solar Panel Area**: કોલેજ કેમ્પસમાં કાર્યરત સૌર ઊર્જા સિસ્ટમનું નિરીક્ષણ કરાવાયું. Renewable Energy કેવી રીતે કાર્બન ઉત્સર્જન ઘટાડે છે તે સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ Solar Panel નું working principle અને energy generation વિશે જાણ્યું. **C. Solid Waste to Composting Unit**: લીલા કચરાનું સંગ્રહ, segregated waste bins અને compost pit બતાવવામાં આવ્યા. Kitchen waste → Compost બનવાની સંપૂર્ણ પ્રક્રિયા સમજાવવામાં આવી. તૈયાર થયેલી સજીવ ખાતરની ઉપયોગિતા પર ચર્ચા કરવામાં આવી.

[૯] પ્રવૃત્તિનો પ્રકાર: પ્રોજેક્ટ લર્નિંગ પ્રોગ્રામ
તારીખ: ૧૨/૧૨/૨૦૨૫ થી ૧૪/૦૧/૨૦૨૬
હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૧૦
ફોટોગ્રાફ્સ:







[૧૦] પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની)
તારીખ: ૧૫/૧૨/૨૦૨૫
હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૨૩
ફોટોગ્રાફ્સ:



સંક્ષિપ્ત નોંધ:



## રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ જાગૃતિસભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં **નિબંધ અને ચિત્ર સ્પર્ધા** સાથે **એક કલાક ઉર્જા બચત – લાઇટ્સ ઑફ અભિયાન** યોજાયું. જેમાં નિબંધ તથા ચિત્ર સ્પર્ધામાં *કચરામાંથી ઉર્જા, ગ્રીન સિટી, ઉર્જા બચાવીએ અને પૃથ્વી બચાવીએ તથા નવતર ટેક્નોલોજીથી ઉર્જા બચત* જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ સર્જનાત્મક વિચારો અને પર્યાવરણ સંરક્ષણ અંગેના સંદેશો અસરકારક રીતે રજૂ કર્યા. આ સાથે કોલેજ કેમ્પસમાં એક કલાક માટે બિનજરૂરી લાઇટ્સ અને વીજ ઉપકરણો બંધ રાખવામાં આવ્યા. વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને સ્ટાફના સક્રિય સહયોગથી આ અભિયાન સફળ રહ્યું અને ઉર્જા બચત અંગે જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો.

કાર્યક્રમ અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઇનામો આપવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિ. નીલ આર. પટેલ (NSS કોર્ડીનેટર) અને મિ. દીક્ષિત ડી. રાઠવા (ઇનોવેશન કોર્ડીનેટર) તેમજ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી. જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**[૧૧] પ્રવૃત્તિનો પ્રકાર:** **ઉધમિતા હેઠળ ૪૦,૦૦૦ સહાય**

**તારીખ: ૨૨/૧૨/૨૦૨૫**

**પસંદગી પામેલ વિદ્યાર્થીની સંખ્યા: ૨**

**ફોટોગ્રાફ્સ:**

| Sr. No. | College Name | Student Name |
|---|---|---|
| 438 | Narmada College of Science and Commerce, Zadeshwar | Ms. KANCHANKUMARI SHYAM YADAV |
| 439 | Narmada College of Science and Commerce, Zadeshwar | Ms. ARCHI SURENDRASINH GHARIA |
| 440 | Narmada College of Science and Commerce, Zadeshwar | Mr. MRITYUNJAY SANJAY MISHRA |
| 441 | Narmada College of Science and Commerce, Zadeshwar | Mr. MOHAMMADUVESH IQBALHUSHEN GATA |
| 442 | Narmada College of Science and Commerce, Zadeshwar | Ms. DHARMI KAMLESHBHAI AJABHIYA |
| 443 | Narmada College of Science and Commerce, Zadeshwar | Mr. ISHA ANILBHAI SOLANKI |
| 444 | Narmada College of Science and Commerce, Zadeshwar | Mr. HIMANSHU KANUBHAI PADHIYAR |
| 445 | Navjivan Science College, Dahod | Ms. Liya Devendra Acharya |
| 446 | Navjivan Science College, Dahod | Ms. Jerika Manojkumar Chauhan |
| 447 | Nootan Gram Vidhyapeeth, Thava | Mr. AMITBHAI SHANKARBHAI TARABADA |
| 448 | P. D. Pandya Mahila Commerce College, Ahmedabad | Ms. PRITI RAMDAYAL KORI |
| 449 | P.D.M. GRADUATE TEACHERS' COLLEGE, Rajkot | Ms. MEGHAL DINESHBHAI HUMBAL |



**સંક્ષિપ્ત નોંધ:**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એડ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના બે વિદ્યાર્થીનીઓ **Ms. Liya D. Acharya & Ms. Jerika M. Chauhan** ઉદ્યમિતા અને નવીનતા આધારિત કાર્યક્રમ હેઠળ પસંદગી કરવામાં આવી હતી, જે Knowledge Consortium of Gujarat (KCG) સાથે જોડાયેલા સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનો ભાગ છે.

પસંદ થયેલા બંને વિદ્યાર્થીઓએ તેમના નવીન વિચારોનું સફળ પ્રસ્તુતિકરણ કર્યું હતું અને તેમને તેમના સ્ટાર્ટઅપ/પ્રોટોટાઇપના વિકાસ માટે પ્રતિ વિદ્યાર્થી ₹40,000 ની આર્થિક સહાય (ગ્રાન્ટ) આપવામાં આવી હતી.

આ ગ્રાન્ટનો ઉપયોગ પ્રોટોટાઇપ વિકાસ, પ્રોજેક્ટ અમલીકરણ અને તેમના વ્યાવસાયિક વિચારોને આગળ વધારવા માટે કરવામાં આવશે. આ સિદ્ધિ સંસ્થામાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતા પ્રત્યેના પ્રોત્સાહનનું પ્રતિબિંબ છે.

**[૧૨] પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (રાષ્ટ્રીય યુવા દિવસ)**

**તારીખ: ૧૨/૦૧/૨૦૨૬**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૧૨૧**

**ફોટોગ્રાફ્સ:**







**રાષ્ટ્રીય યુવા દિવસ**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એડ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ, જે

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તે નિમિત્તે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઝૂઓલોજી વિભાગ, ઈનોવેશન સેલ અને NSS એકમ દ્વારા સંયુક્ત રીતે યોજાયો હતો.

કાર્યક્રમનો વિષય "આર્થિક ઝૂઓલોજી: સ્વરોજગાર અને તકો" હતો. મુખ્ય વક્તા તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), દાહોદની પશુચિકિત્સા નિષ્ણાત અને વૈજ્ઞાનિક ડૉ. રાધારાણી ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે પોતાના વ્યાખ્યાનમાં કુકડપાલન, મધમાખી પાલન (એપિકલ્ચર), વર્મીકોમ્પોસ્ટિંગ અને ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ (IPM) જેવા ક્ષેત્રોમાં વિગતવાર અને પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ક્ષેત્રો માત્ર સાદા અભ્યાસ સુધી સીમિત નથી, પરંતુ સ્વરોજગાર અને ગ્રામ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ તકો પ્રદાન કરે છે. આ કાર્યક્રમ દ્વારા સ્વામી વિવેકાનંદના આદર્શોને પણ પ્રતિબિંબિત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા તથા પોતાના ભવિષ્યને ઘડવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ડૉ. જી. જે. ખરાડી (કાર્યકારી પ્રિન્સિપાલ), શ્રીમતી એન. એ. વોરા (ઝૂઓલોજી વિભાગના વડા), શ્રી દિક્ષિત રાઠવા (ઈનોવેશન કોઓર્ડિનેટર), શ્રી નીલ પટેલ (NSS કાર્યક્રમ અધિકારી) તેમજ અન્ય પ્રોફેસરો હાજર રહ્યા હતા. ઝૂઓલોજી વિભાગ, ઈનોવેશન સેલ અને NSS એકમના સંયુક્ત પ્રયાસોથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**[૧૩] પ્રવૃત્તિનો પ્રકાર: કેન ડુ એક્ટિવિટી (નેશનલ સ્ટાર્ટ-અપ દિવસ)**
**તારીખ: ૧૮/૦૧/૨૦૨૬**
**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૫૪**
**ફોટોગ્રાફ્સ:**

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD







**સંક્ષિપ્ત નોંધ:**

**National Start-up Day**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં તારીખ 18 જાન્યુઆરી 2026 ના રોજ નેશનલ સ્ટાર્ટ-અપ દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં 54 વિધાર્થીઓ હજાર રહ્યા હતા. આ દિવસે વિધ્યાર્થીઓને DIY (Steam) Kit વીશે માહિતી આપવામાં આવી હતી. અલગ અલગ 10 પ્રકારની કીટો વીશે આસી. પ્રો. દીક્ષિત દ્વારા માહિતી આપી. તેમની માહિતી પુસ્તિકા વેબસાઇટ પરથી ક્યાંથી મળશે તેના સોફ્ટવેયરના વિડીઓ વગેરે વીશે જાણવામાં આવ્યું હતું. સાથે સાથે કેટલીક કીટો નો ઉપયોગ કેવી રીતે કરવો સાથે તેનું પ્રેક્ટિકલ સેશન રાખવામાં આવ્યું હતું. જેમાં 3D પેન, ડ્રોન ઉડાડતા, ટેલિસ્કોપ સેટ કરતાં, એડવાંન્સ કીટ સેન્સરનો ઉપયોગ, મિની કેમર સેટિંગ જેવી અલગ અલગ કીટો વિધ્યાર્થીઓને ઉપયોગ કરતાં સીખવવામાં આવી હતી. જેનો ઉદ્દેશ આ કીટ નો ઉપયોગ કરી સ્ટાર્ટ અપ નવોચાર, પ્રાયોગિક શિક્ષણ અને સ્ટાર્ટઅપ અંગે જાગૃતિ વિકાસવાનો હતો.

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

[૧૪] **પ્રવૃત્તિનો પ્રકાર: સારથિ એક્ટિવિટી (ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ)**

**તારીખ: ૧૯/૦૧/૨૦૨૬ થી ૨૩/૦૧/૨૦૨૬**

**હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૪૩**

**ફોટોગ્રાફ્સ:**






**સંક્ષિપ્ત નોંધ:**

**પાંચ દિવસીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ તથા કમિશ્નરેટ ઓફ હાયર એજ્યુકેશનના સહયોગ થી ૧૯/૦૧/૨૦૨૬ થી ૨૩/૦૧/૨૦૨૬ સુધી પાંચ દિવસીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશીપ પોલિસી હેઠળ વિધ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિક્તાની ભાવના વિકસાવીને તેમને વ્યવસાય શરૂ કરવા માટે જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું.

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

[૧૫] પ્રવૃત્તિનો પ્રકાર: સારથિ એક્ટિવિટી (બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ)

તારીખ: ૦૬/૦૩/૨૦૨૬ થી ૦૭/૦૩/૨૦૨૬

હાજર વિદ્યાર્થીની સંખ્યા: ૪૨

ફોટોગ્રાફ્સ:







સંક્ષિપ્ત નોંધ:

**Two-Day Educational Tour**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતા, સંશોધન તથા ઉદ્યોગ વિશે પ્રાયોગિક જ્ઞાન વધે તે હેતુસર ઈનોવેશન ક્લબ અને NSS વિભાગ દ્વારા બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ તા. ૦૬/૦૩/૨૦૨૬ અને ૦૭/૦૩/૨૦૨૬ના રોજ યોજાયો હતો, જેમાં આશરે ૫૪ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી, અમૂલ મિલ્ક ડેરી આણંદ, અમૂલ ચોકલેટ ફેક્ટરી તેમજ કૃષિ યુનિવર્સિટી ખાતે ઇન્ક્યુબેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ સંસ્થાઓની કાર્યપદ્ધતિ, સંશોધન પ્રવૃત્તિઓ, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ તથા ઉદ્યોગ વ્યવસ્થાપન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

વિદ્યાર્થીઓ માટે આ પ્રવાસ ખૂબ જ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન માટે કોલેજના કાર્યકારી પ્રિન્સિપાલશ્રી, ડૉ. ગૌરાંગ ખરાદી સાહેબ તથા પ્રાધ્યાપકગણનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

Officiating Principal
Navjivan Science College,
DAHOD

**Nodal Officer Sign.**

**Dixit D. Rathva**

**Principal Sign.**

**Dr. Gaurang J. Kharadi**

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD